**GUJARAT BILL NO. 14 OF 2024.**

# THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) BILL, 2024.

## *A BILL*

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪.**

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૪.

### ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે.

સન ૨૦૦૯નો ગુજરાતનો

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, કલમ ૧૦ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિની કોઇ વિદ્યમાન કોલમ અથવા નોંધમાં ફેરફારો કરી શકશે..

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી, રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા અને અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેમના કાર્યોનું નિયમન કરવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો) અધિનિયમિત કર્યો છે.

સદરહુ અધિનિયમની વિદ્યમાન કલમ ૧૦થી, સદરહુ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિમાં, યોગ્ય વિધાન (કાયદા)થી કોઇ યુનિવર્સિટીના તેવા નામ, સ્થાન અને હકૂમત (અધિકારક્ષેત્ર) સાથે તેવી યુનિવર્સિટીનો સમાવેશ કરવા માટેની જોગવાઇ કરી છે. એવી બાબત ધ્યાનમાં આવી છે કે યુનિવર્સિટીના નામ અને સરનામા અને પુરસ્કર્તા મંડળની વિગતોમાં કેટલાક ફેરફારો કરતી વખતે, કેટલીક મુશ્કેલીઓ ઊભી થઇ છે. તેથી, રાજ્ય સરકારને, સદરહુ કલમ ૧૦ સુધારવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને, સદરહુ અધિનિયમ સાથે જોડેલી અનુસૂચિની કોઇ વિદ્યમાન કોલમ અથવા નોંધમાં ફેરફારો કરી શકાય. વિધેયકની કલમ ૨-થી, તે અંગેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**પ્રફુલ પાનશેરીયા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૨.-** આ કલમથી ઉમેરવા ધારેલી કલમ ૧૦ની નવી પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ સાથે જોડેલી અનુસૂચિની કોઇ વિદ્યમાન કોલમ અથવા નોંધમાં ફેરફારો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪.** **પ્રફુલ પાનશેરીયા.**

# પુરવણી

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯
## (સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા)માંથી ઉતારા.

---

**૧૦.** સરકારને ખાતરી થાય કે પુરસ્કર્તા મંડળે ઈરાદા પત્રની શરતોનું પાલન કર્યું છે તો, તે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલું હોય તેવું યુનિવર્સિટીનું નામ, સ્થાન અને હકૂમત (અધિકારક્ષેત્ર) સાથે યુનિવર્સિટીનું નામ અનુસૂચિમાં સમાવિષ્ટ કરવા માટે યોગ્ય વિધાન લાવી શકશે. જેના પછી યુનિવર્સિટી યુનિવર્સિટીના સંચાલક મંડળમાં નિહિત થયેલી તમામ સત્તા સાથે પુરસ્કર્તા મંડળથી સ્વતંત્ર કામગીરી કરશે

**વિધાન (કાયદા)થી યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૪.]

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી પ્રફુલ પાનશેરીયા,
રાજ્ય કક્ષાના ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૪ના ઓગસ્ટ મહિનાની ૧૭મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડયા,
ઇન્ચાર્જ સચિવ,
ગુજરાત વિધાનસભા.